**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬ ૪૫૦**

# પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર નવસારી ખાતે તા. ૦૩/૦૧/૨૦૧૪ના રોજ કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવેલ હતું. અત્યાર સુધીમાં કુલ ૮૨,૭૦૪ જેટલા ખેડૂતો/ઉચ્ચ અધિકારીઓ/મહાનુભાવો/વિધાર્થીઓ વિ. એ તેની મુલાકાત લઈને કૃષિની પાયાથી લઈને અધતન ટેકનોલોજી અંગે જાણકારી મેળવીને સંતોષ વ્યકત કરેલ છે.

દેશના શ્રેષ્ઠ મ્યુઝિયમોમાં જેની ગણના થાય છે તેવા આ કૃષિ શિક્ષણ પ્રદર્શનાલયમાં યુનિવર્સિટી દ્વારા સંશોધિત નવી જાતો/ટેકનોલોજીની માહિતી અપડેટ થાય તે માટે પોસ્ટર્સ, જીવંત નમુના, રેપ્લીકા, કટ મોડેલ્સ વિ. બદલવાની અથવા તો નવા ઉમેરવાની ખાસ જરૂરિયાત જણાય છે. આ અગાઉ તા. ૨૬/૦૭/૨૦૨૧ના રોજ થયેલ પરિપત્રના અનુસંધાને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ હેડ/સબ યુનિટ હેડને જણાવવામાં આવેલ હતુ. પરંતુ, અમુક વિભાગો દ્વારા હજુ સુધી પ્રદર્શનાલયની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ નથી અને જરૂરી ફેરફાર શકય બનેલ નથી. તેથી, દરેક વિભાગોના વડાને જણાવવાનું કે, પ્રદર્શનાલયની સત્વરે મૂલાકાત લઈને તેઓના વિભાગની અપડેશનની જરૂરી કામગીરી તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવા આથી માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જાણ કરવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૨/ વેબ–૩૯/૨૦૨૧
નવસારી તા. ૧૩/૧૨/૨૦૨૧

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**
૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના હેઠળના તમામ યુનિટ હેડ/સબ યુનિટ હેડ તરફ જાણ તથા ઘટતું થવા સારું.